ઘઘફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૩૦/૨૨-૨૩/ 4163 તારીખ : 27 DEC 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી વૈશ બાબુભાઈ સાંગાભાઈ,**
**મું.આદપોકાર,તા.કોડીનાર**
**જી.ગીર સોમનાથ**

કેસ નં.૩૦/૨૨-૨૩

**મો.નં- ૯૨૭૪૯ ૮૭૫૧૦**

**વિષય : વિજ લાઈનનું મેઈન્ટેનન્સ કરી આપવા તથા બિલ જમા આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૧/૦૭/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૨/૦૭/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૨-૨૩/૨૪૧૦ તા.૨૫/૦૭/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૨-૨૩/૨૬૦૯ તા.૧૭/૦૮/૨૦૨૨.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૨-૨૩/૨૮૩૮ તા.૦૯/૦૯/૨૦૨૨.
(૫) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૨-૨૩/૩૦૭૫ તા.૨૩/૦૯/૨૦૨૨.
(૬) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૨-૨૩/૩૭૫૧ તા.૧૯/૧૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ <u>તા.૦૯/૧૨/૨૦૨૨</u> નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી, ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી-૨, **કોડીનાર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૩૦/૨૨–૨૩</u> ☜

વાદી :– **શ્રી વૈશ બાબુભાઈ સાંગાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૦૯/૧૨/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી વૈશ બાબુભાઈ સાંગાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી બી.બી.માણાવદરીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ઉના (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી વૈશ બાબુભાઈ સાંગાભાઈ, મું.આદપોકાર, તા.કોડીનાર, જી.ગીર સોમનાથની વિજ લાઈનનું મેઈન્ટેનન્સ કરી આપવા તથા બિલ જમા આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૦/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૨–૨૩/૨૪૧૦ તા.૨૫/૦૭/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૩૦/૦૮/૨૦૨૨, તા.૧૯/૦૯/૨૦૨૨, તા.૦૪/૧૦/૨૦૨૨</u>** તથા **<u>તા.૦૯/૧૨/૨૦૨૨</u>** રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી વૈશ બાબુભાઈ સાંગાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી બી.બી.માણાવદરીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી બાબુભાઈ વેશ, રહે, આદ પોકાર તા.કોડીનાર દ્વારા કરવામાં આવેલ ફરીયાદમાં જણાવ્યા મુજબ વાદીનો તોકતે વાવાઝોડામાં ખેતીવાડી વીજ કનેકશનનો એક પોલ ભાંગી ગયેલ તથા સર્વિસ વાયર તુટી ગયેલની રજુઆત કરેલી.

૧.૨ જે વીજ પુરવઠો પુર્વવત થયેલ નથી.

૧.૩ તદઉરાંત વાદીનું સદર ખેતીવાડી વીજ કનેકશન બંધ હોવા છતાં જે વીજ બીલ ભરપાઈ કરેલ તે તેમના વીજ બીલ માં જમા આપવામાં આવે તેવી રજૂઆત છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ સવિનય ઉપરોકત વાદીશ્રી ની રજુઆતના અનુસંધાને જણાવવાનું કે સદર બાબતે નાયબ ઈજનેરશ્રી કોડીનાર–૨ ના સંદર્ભ પત્ર નં–૨ માં જણાવ્યા મુજબ સમયાંતરે તા.૦૫/૦૪/૨૦૨૨, તા.૦૬/૦૪/૨૦૨૨, તેમજ તા.૧૫/૦૪/૨૦૨૨ ના રોજ કોડીનાર–૨ પેટા કચેરીના લાઈનમેન શ્રી પી.આર.વાઢેળ વાદીશ્રીના સ્થળ પર ટ્રેકટર લઈને કામ કરવા માટે ગયેલ. પરંતુ ટ્રેકટર સ્થળ પરજઈ શકે તેમ ના હોય જેથી તે સમયે સદર કામ બાકી રહેલ.

૨.૨ ત્યારબાદ, નાયબ ઈજનેરશ્રી કોડીનાર–૨ ના સંદર્ભ પત્ર નં–૩ માં જણાવ્યા મુજબ તા.૦૪/૦૮/૨૦૨૨ ના રોજ પોલ ઉભો કરવા માટે કોન્ટ્રાકટરની ગેંગ મોકલી આપેલ.પરંતુ, વાદી દ્વારા ઈરાદા પુર્વક કામ કરવા દીધેલ નહીં. જેથી ત્યારબાદ, તા.૦૨/૦૯/૨૦૨૨ ના રોજ ફરીથી નીચે સહી કરનાર તથા કોડીનાર પેટા કચેરીના જુનીયર ઈજનેરશ્રી સદર સ્થળ ગયેલ અને રૂબરૂ વાદીને સમજાવેલ અને સદર કામ ૨ દિવસમાં પુર્ણ કરી આપવા ખાતરી આપેલ.

૨.૩ આમ,તા.૦૪/૦૯/૨૦૨૨ ના રોજ કોન્ટ્રાકટરની ગેંગ મોકલી સદર સ્થળ પર પોલ ઉભા કરી લાઈન કામ કરી ઉપરોકત વીજ જોડાણ નો વીજ પુરવઠો પુર્વવત કરેલ હતો.

૨.૪ તેમજ વાદીશ્રીના જણાવ્યા મુજબ વીજ કનેકશન બંધ હોવા છતાં જે વીજ બીલ આપેલ તે લેઝર શીટ ઉપર જોતાં મીટર રીડરશ્રી દ્વારા રીડીંગ મુજબ બીલ આપેલ છે તે બાબતે વધુમાં જણાવવાનું કે વાદીશ્રીનું મીટર તા.૦૬/૦૯/૨૦૨૨ ના રોજ બદલવામાં આવેલ છે તથા આ મીટર વિભાગીય કચેરીની લેબમાં તા.૦૯/૦૯/૨૦૨૨ ના રોજ ખોલવામાં આવેલ. પરંતુ, તેમાં ડિસ્પલે બંધ હોવાથી કોઈ પણ જાતના રીડીંગ વાંચી શકાયેલ નથી.

૨.૫ વધુમાં પેટા કચેરી દ્વારા અરજદારશ્રી દ્વારા તેમણે કરેલી ફરિયાદના ગાળામાં કરવામાં આવેલ બીલીંગ સંબંધે મીટર રીડરોનો ખુલાસો પુછેલ છે અને લેઝર શીટ પર ફિક્ષ ચાર્જ સિવાયનું આપેલ એનર્જી બીલ ગણતરી કરી અંદાજે રૂા.૨૫૮૨/૪૦ જેટલી રકમ ક્રેડીટ આપવા માટે કાર્યવાહી હાથ ધરેલ છે. જે ગણતરી લેઝર શીટ પર આ સાથે સામેલ છે.

૨.૬ આમ, ઉપરોકત વાદીશ્રીનો પોલ ઉભો કરી વીજ પુરવઠો પુર્વવત કરી ફરીયાદનું નિરાકરણ કરવામાં આવેલ છે અને અરજદારશ્રીને બીલ બાબતની રહેતી ફરિયાદનું પણ નિરાકરણ કરી આપવામાં આવેલ છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી વેશ બાબુભાઈ સંગાભાઈ ગામ આદ પોકાર તા. કોડીનાર દ્વારા તેમના ખેતીવાડી વિજકનેક્શનના સમારકામ તેમજ બાકી રકમ આવવા બાબત ને લઇને ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ ફોરમ દ્વારા આ અંગે તા. ૩૦.૦૮.૨૨, ૧૯.૦૯.૨૨, ૦૪.૧૦.૨૨, તથા ૦૯.૧૨.૨૨ થી જરૂર મુજબ સુનાવણી રાખવામાં આવેલ, પ્રથમ મુદતમાં વાદી હાજર રહેલ નહિ ત્યારબાદ પ્રતિવાદીના જવાબ તેમજ રીપોર્ટને લઇ ને મુદત પાડવામાં આવેલ.

૩.૩ આ અંગે રજુ થયેલ રેકર્ડ તેમજ મોખિક રજૂઆત મુજબ ફોરમને જણાય છે કે પ્રતિવાદી દ્વારા વાદીની ફરિયાદ ના નિકાલને લઇને દુર્લક્ષ સેવવામાં આવેલ છે, તેમજ ફોરમ દ્વારા તે અંગે ધ્યાન દોરવામાં આવતા પ્રતિવાદી દ્વારા સંબધિત બેદરકાર કર્મચારી સામે લેખિત કાર્યવાહી પણ કરવામાં આવેલ છે.

૩.૪ હાલ સદરહુ કેસમાં પ્રતિવાદીની કચેરી દ્વારા જણાવ્યા મુજબ વાદીની સમારકામ અંગેની ફરિયાદનું જરૂરી મરામત કરી આપેલ છે તેમજ જમા આપવા પાત્ર રકમ રૂ. ૨૫૮૨.૪૦ વાદીના ખાતામાં જમા આપવાની કાર્યવાહી પણ હાથ ધરેલ હોઈ, હાલ કેસ અંગે ફોરમ દ્વારા કોઈ વિશેષ ઓર્ડર કરવાનો રહેતો ન હોઈ, વાદીની અરજીનો નિકાલ કરવામાં આવેલ છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૦૯/૧૨/૨૦૨૨.

Grievance Redressal Forum
PGVCL
Bhavnagar